## ફોજદારી અપીલ નં.૧૬/૨૦૨૫ ના કામે આંક–૫ લગત હુકમ

(૧) આ કામના એપેલન્ટ/આરોપીની સામે વિસાવદરના વિ.જ્યુડી. મેજી. ફ. કલાસ શ્રીની કોર્ટમાં ખા.ફોજદારી કેસ નં.૭૨૮/૨૦૨૩ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ગુણદોષ ઉપર ચાલી જતા, વિસાવદરના વિ.જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૯–૦૪–૨૦૨૫ ના રોજ ઠરાવ આપી, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૫ (૨) અન્વયે એપેલન્ટ/આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, ૨ (બે) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ચુકવી આપવાનો તકસીરવાનને હુકમ કરવામાં આવે છે અને જો આરોપી આ દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં, આરોપીએ દંડની રકમ ભર્યેથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭ મુજબ ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરી આપ્યેથી કેદની તથા દંડની સજાનો અમલ દિન–૩૦ (ત્રીસ) દિવસ મોકુફ રાખવા આદેશ આપવામાં આવેલ છે. આરોપીએ તે પહેલા અપીલ અદાલતનો આદેશ મેળવી લેવો અન્યથા તા.૦૯–૦૫–૨૦૨૫ ના રોજ અત્રેની અદાલત સમક્ષ અુચક હાજર રહેવું. જેથી આરોપીએ અત્રેની અદાલતમાં અપીલ દાખલ કરી, વિસાવદરના વિ.જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફો.કે.નં.૭૨૮/૨૩ ના કામે તા.૦૯–૦૪–૨૦૨૫ ના રોજ આપેલ ઠરાવ અને હુકમની અમલવારી અપીલનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મોકુફ રાખવા જુદા જુદા નવ જેટલા કારણોસર પડકારેલી છે અને એપેલન્ટને જામીન મુક્ત કરવા માંગણી કરેલ છે. એપેલન્ટ/આરોપી તરફે વિ.ટ્રાયલ કોર્ટનો ચુકાદાની નકલ તેમજ એપેલન્ટે વિ.ટ્રાયલ કોર્ટે કરેલ ઓર્ડર પર લીધેલ

સ્ટે અરજી તથા તેના પર કરેલ હુકમની સર્ટીફાઇડ નકલ તથા એપેલન્ટ/આરોપીના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.

(૨) એપેલન્ટ/આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યાં. વિ. ટ્રાયલ કોર્ટનો ચૂકાદો વંચાણે લીધો. આ અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાની માત્રા લક્ષમાં લેતાં, વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવા પાત્ર જણાય છે.

વધુમાં આ કામે એપેલન્ટના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અપીલ ચાલતા લાંબો સમય લાગે તેમ છે. તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે, એપેલન્ટના સ્ત્રી છે અને પરીવાર સાથે રહે છે અને નામદાર કોર્ટ કહે તે શરતો ફરમાવે તે અમોને મજુર છે જેથી યોગ્ય તે હુકમ કરવા અરજ કરેલ છે.

આમ, હાલના એપેલન્ટની અરજીની રજુઆતો ધ્યાને લેતા, તેમજ હાલની અપીલનું રેકર્ડ ધ્યાને લેતા, હાલના કામે મુળ ફોજદારી કેસ નં.૭૨૮/૨૦૨૩ ના કામે મૂળ ફરિયાદી તથા આરોપીની વચ્ચે લેવડ દેવડ થયેલી હોય તે અંગેનો પ્રશ્ન છે. જે વિગત તેમજ હાલના એપેલન્ટની રજુઆત ધ્યાને રાખતા અને તેઓની રજુઆત આધારે બી.એન.એસ.એસ. કલમ ૪૧૫ અન્વયે ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ સજાનો હુકમ વળતરની રકમના ૨૦ ટકા રકમ ભર્યેથી મોકુફ રાખવાપાત્ર રાખવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય આવતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ/આરોપી રૂપલબેન પ્રભુદાસ ગોંડલીયા, રહે. બીલડી, તા.કુતીયાણા, જિ.પોરબંદરનાઓને રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા દીન-૫ માં નીચેની શરતોને આધિન અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી અપીલ ચાલતા સુધી જામીન મુક્ત કરવા હુકમ કરવામાં આવે છે અને તે નીચેની શરતો મુજબ વિ.ટ્રાયલ કોર્ટના હુકમનો અમલ સજા સબંધી મોકુફ રાખવામાં આવે છે.

**<u>શરતોઃ</u>**-

(૧) એપેલેન્ટ/અરજદારે અત્રેની અદાલતમાં નિયમીત અને સમયસર અપીલ ચાલતા દરમિયાન હાજર રહેવું.

(૨) એપેલન્ટ/આરોપી અપીલના આખરી નિકાલ સુધી કોઇ ગુનાહિત પ્રવૃતિ કરવી નહિ અને ફરિયાદપક્ષને, ફરિયાદ સબંધી કોઇ રાગદ્રેશ રાખી પ્રત્યક્ષ કે, પરોક્ષ રીતે ધાક–ધમકી આપવી નહિ.

(૩) વધુમાં હાલના એપેલન્ટ/આરોપીએ વિ.ટ્રાયલ કોર્ટે અપાયેલ વળતરની રકમના ૨૦ ટકા રકમ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૮ અન્વયે દીન– ૬૦ માં અત્રેની કોર્ટમાં ડીપોઝીટ કરવા.

(૪) એપેલન્ટ/આરોપીએ જામીન આપતી વખતે પોતાના રહેણાંકનું પાકું અને કાયમી સરનામું પુરુ પાડવુ અને જો તેમાં કોઇ ફેરફાર થાય તો અત્રેની અદાલતમાં જાણ કરવી તથા પોતાના મોબાઇલ નંબર તથા આધારકાર્ડ નંબર જાહેર કરવો.

આ હુકમ આજ તા.૦૮ મી, માહે–મે, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Place: Visavadar.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
3rd Addl. Sessions Judge, Visavadar.
(UNI No.GJ00672)